Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

1

# સંશોધન પદ્ધતિ અને નવી શિક્ષણ નીતિ 2020

પ્રસ્તુત કર્તા

**રવિકુમાર મોહનભાઇ વાજા**

પીએચ.ડી. સ્કોલર

ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી

જૂનાગઢ.

**સારાંશ**

સંશોધનનું આજના આ ઝડપી યુગમાં અપાર મહત્વ રહેલું છે. ભારત સરકાર હંમેશા દેશના વિકાસ માટે અને નવા સંશોધનને આગળ લાવવા માટે પ્રયત્નશીલ રહ્યું છે. આ કાર્યક્રમનો હેતુ સંશોધન દિન પ્રતિદિન આગળ વધે માટે નવી શિક્ષણ નીતિ ની જોગવાઈ કરવામાં આવી છે. આ માટે સંશોધન પદ્ધતિ અને નવી શિક્ષણ નીતિ વિશે સંશોધન કરવું જરૂરી બને છે. પ્રસ્તુત સંશોધન પેપર સંશોધન પદ્ધતિ અને નવી શિક્ષણ નીતિ ના હેતુઓ અને સમાજ વિશે રજૂ કરવામાં આવેલ છે.

**ચાવીરૂપ શબ્દો:** સંશોધન પદ્ધતિ, સમાજ, શિક્ષણ નીતિ

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

**સંશોધન પદ્ધતિ અને નવી શિક્ષણ નીતિ 2020**

## ❖ વિષય પ્રવેશ

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 માં આઝાદી પછી પ્રથમ વખત ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં સંશોધનનો પ્રાથમિકતા આપવામાં આવેલ છે. જ્ઞાન સમાજમાં શૈક્ષણિક સંશોધનમાં ઉચ્ચ શિક્ષણ પ્રણાલીનો એક અભિન્ન ભાગ છે. ઘણા સમયથી ઉચ્ચ શિક્ષણ પ્રણાલીના શૈક્ષણિક અભ્યાસક્રમમાં આંતરિક સંશોધન માટે ભારત એક અલગ ઉદાહરણ છે. મોટાભાગના સમાજમાં શૈક્ષણિક સંશોધન ઉચ્ચ શિક્ષણ પ્રણાલી નો એક અગત્યનો ભાગ છે. સંશોધનમાંથી પોસ્ટ ગ્રેજ્યુએશન અને ડોક્ટરેટ (પીએચ.ડી.) ના અભ્યાસો પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ એક ખૂબ જ મોટું પરિવર્તન છે ખાસ કરીને યુનિવર્સિટીમાં કે જે જ્ઞાન સર્જનમાં ઉચ્ચ માર્ગે છે. વર્ષોથી આ મોટાભાગની યુનિવર્સિટી અને વિભાગો આ સંશોધનના અવકાશને માત્ર અભ્યાસ પૂરતો જ મર્યાદિત રાખ્યો છે. વર્તમાન વલણને જાળવી રાખવા અને સંશોધનમાં ખોવાઈ ગયેલ ગૌરવને પાછું લાવવા માટે np એ ખૂબ જ મહત્વપૂર્ણ માર્ગદર્શક ની કલ્પના કરી છે. સંશોધન ક્ષમતાઓ વિકસાવવા માટે રાજ્યની યુનિવર્સિટીમાં સંશોધન માટેના કાર્યક્રમો રાખવામાં આવે છે. આ બાબત એ ખૂબ જરૂરી છે જેથી સંશોધનની ગુણવત્તા સુધારી શકાય છે.

## ❖ ભારતીય સંશોધન અને વૈશ્વિક સંશોધન

વિશ્વ બેંક દ્વારા પ્રકાશિત વિશ્વ વિકાસ સૂચક આંક અનુસાર ભારત સંશોધન પર જીડીપીના 0.69% ખર્ચ કરે છે જ્યારે જર્મની યુએસ ચીન જાપાન અનુક્રમે તેમના જીડીપીના 3% 2.8% 2% અને 3.2% ખર્ચ કરે છે. સંશોધનમાં નબળી અંતર માળખાકીય સુવિધા અને ઓછી આવક

નબળું આરોગ્ય અને બજારની અપ્રાપ્યતા ભારતમાં સંશોધન પર વધુ ભાર આપવા માટે મજબૂત કેસ પૂરા પાડે છે.

વર્લ્ડ ઇન્ટરેકચ્યુલ પ્રોપર્ટી ઓર્ગેનાઇઝેશન અનુસાર ભારતમાં મોટાભાગના સંશોધન ખર્ચ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે અને રાજ્ય સરકારો કરે છે. કેન્દ્ર સરકારનો સંશોધન પર ખર્ચ આશરે 61.4% છે. સંરક્ષણ અણુ ઊર્જા અને અવકાશ ક્ષેત્રમાં છે. આ બાબત સાબિત કરે છે કે ભારતમાં રિસર્ચ અને ડેવલપમેન્ટમાં માત્ર ખર્ચ જ અપૂરતું નથી પરંતુ એક તરફી પણ છે.

❖ **સંશોધન અને નવી શિક્ષણ નીતિ 2020**

સરકાર દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલ નેશનલ એજ્યુકેશન પોલીસી 20 20 રિપોર્ટના ટનલમાં અંતમાં વધુ પ્રકાશ સંશોધનમાં પાઠવવામાં આવ્યો છે. પ્રથમ નોંધનીય મુદ્દો એ છે કે npa નેશનલ રિસર્ચ ફંડના કારોબારી હેઠળ સંશોધન ઇકો સિસ્ટમ પ્રદાન કરે છે. તેનો હેતુ સરકારી યુનિવર્સિટી સંશોધન સંસ્થાઓ અને ઉદ્યોગોનો સમાવેશ કરતી સંશોધન ઇકો સિસ્ટમના નિર્માણને જરૂરી પ્રોત્સાહન આપવામાં આવે તેવો છે. એનટીપી મુજબ સંશોધન અને નવીનતા પહેલને ભંડોળ સંકલન અને દેખરેખ માટે કામ કરશે તે ઉત્કૃષ્ટ કાર્ય માટે પુરસ્કાર જેવા પ્રોત્સાહન સાથે સંશોધન પ્રોજેક્ટ ના મેરીટ આધારિત મૂલ્યાંકન દ્વારા સંશોધનને પ્રોત્સાહિત કરશે.

❖ **નવી શિક્ષણ નીતિ 2020 સંશોધન અને સમાજ**

કોવિડ 19 ના રોગચાળાને કારણે સંશોધન અંગે જાગૃતતા વધી છે તેમજ દિન પ્રતિ દિન વધી રહેલા રોગો નિવારણ માટે તેમજ ભારતે હવે આર્થિક વિકાસ માટે જે હરણફાળ છલાંગ ભરી છે

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

તેમાં પણ શિક્ષણ સંશોધનની સાથે સમાજનો ફાળો એ અમુક શસ્ત્ર સાબિત થઈ શકે છે. સામાજિક વિજ્ઞાન અને માનવતા પર્યાવરણ ઇતિહાસ વગેરે જેવી અત્યાર સુધીની ઉપેક્ષિત શાખાઓમાં સંશોધન માટે અંદાજ પત્રીય ફાળવણીમાં વધારો કરવામાં આવે. જો સરકાર અધ્યતન સમાજની જેમ જેમ જ્ઞાન સમાજનું નિર્માણ કરવા જતી હોય તો સંશોધનમાં જાહેર ખર્ચમાં નોંધપાત્ર વધારો કરવો પડશે તો જ સંશોધન અને શિક્ષણ દ્વારા સમાજની સાથે દેશનો વિકાસ થશે.

❖ **નવી શિક્ષણ નીતિના ઉદ્દેશો**

ભારત 1992 પછીની નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 20 20 છે 29 જુલાઈ 2020 માં ડોક્ટર કસ્તુરી નંદનની અધ્યક્ષતા હેઠળ તૈયાર કરવામાં આવેલ હતી ભારતની કેન્દ્રીય કેબિનેટ દ્વારા શરૂ કરવામાં આવી હતી. આ શિક્ષણનીતિમાં ઘણી ખામી સુધારવા માટે નવી શિક્ષણનીતિનું ઘડતર કરવામાં આવ્યું છે જેના ઉદ્દેશો નીચે મુજબ છે

1. ભારતમાં ગ્રામીણ અને શહેરી ક્ષેત્રમાં પ્રાથમિક શિક્ષણથી લઈને ઉચ્ચ શિક્ષણ તેમજ વ્યવસાયિક તાલીમ માટેનું એક વ્યવસ્થિત માળખું ઊભું કરવું.
2. 2030 સુધીમાં ભારતની શિક્ષણ પ્રણાલીમાં પરિવર્તન લાવવું.
3. સમગ્ર શિક્ષણ માળખામાં 10 + 2 ના બદલે 5 + 3 + 3 + 4 ની માળખા પધ્ધતિ અપનાવી
4. માપવામાં આવતું શિક્ષણ યોગ્ય બનાવવું જેથી ભારત વિશ્વગુરૂ બની શકે.
5. શિક્ષણની ગુણવત્તા સુધારી અને શિક્ષણનું સાર્વત્રિકરણ કરવું.

❖ **સમાપન**

પ્રસ્તુત સંશોધન પેપર દ્વારા સમજી શકાય છે કે ભારત સરકારના જે પ્રયત્નો ભારતીય નવી શિક્ષણ નીતિ 2020 માં સંશોધન પદ્ધતિની લગતા છે તે પ્રયત્નો આગામી વર્ષમાં સફળ થશે અને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના મુજબ સંશોધન પદ્ધતિ પર વધારે ભાર મૂકવામાં આવેલો હોવાથી ઉચ્ચ શિક્ષણ પ્રણાલીને પણ પ્રોત્સાહન મળશે અને એની p20-20 માં આઝાદી પછી પ્રથમ વખત ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં સંશોધનને પ્રાથમિકતા આપવામાં આવી રહે છે અને ઘણા બધા નબળા પાસા ને દૂર કરી ભારતને વિશ્વ ગુરુ બનાવી શકાશે.